પાલનપુરમાં ગત રાત્રીએ આબુ રોડ હાઈવે પર આવેલ હનુમાન ટેકરી વિસ્તારમાં આવેલ આરાધના સોસાયટીના મકાનમાં બે અજાણ્યા લૂંટારાઓ ઘુસી જઈને મકાન માલીકને મકાન બંધ કરીને મારમારીને ઘરમાં લૂંટ ચલાવી ફરાર થઈ જતા સનસનાટી મચી જવા પામી હતી. પોલીસે ઘટના સ્થળે આવીને લૂંટારાઓની શોધખોળ આદરી હતી અને ગણતરીના કલાકોમાં જ બે લૂંટારાઓને શંકાના આધારે તેમના પાલનપુરના નિવાસસ્થાનેથી ઝડપી પાડ્યા હતા અને તેમની પાસેથી રોકડ પણ કબજે લઈને તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી આગળની તપાસ હાથ ધરેલ છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

રજિસ્ટરની નિભાવણી ન કરનાર મોબાઈલ કરનાર મોબાઈલ શોપના માલિક વિરુદ્ધ ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૩માં સ્થિત મોબાઈલ શોપમાં ગાંધીનગર એસઓજીની ટીમે દરોડો પાડ્યો હતો. વિવિધ સિમ કાર્ડ અને મોબાઈલનું વેચાણ કરીને તેની નોંધ રજિસ્ટરમાં ન કરી જિલ્લા કલેક્ટરના જાહેરનામાના ભંગ બદલ સેક્ટર-૨૩માં સ્થિત શુભમ્ કોમ્યુનિકેશન નામની મોબાઈલ શોપના માલીક વિષ્ણુભાઈ કાંતિલાલ પટેલ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી જાહેરનામાના ભંગનો ગુનો દાખલ કર્યો છે.

આજે ધનસુરાની પ્રાથમિક શાળામાં બોડી ચેકઅપ કેમ્પ યોજાશે

ધનસુરા, તા. ૨૯

ધનસુરાના રામજી મંદિરના મહંત પુરાણ શરણદાસજી અને સિનિયર સિટીઝન ટ્રસ્ટ ધનસુરાના સહયોગથી આજ તા. ૩૦મી ડિસેમ્બર ૨૦૧૨ને રવિવારના રોજ સવારે ૧૦થી ૬ વાગ્યા સુધી ધનસુરા પ્રાથમિક શાળા-૩ ખાતે બોડી ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જર્મન ટેકનોલોજીના ઉપકરણોની મદદથી તમામની ચકાસણી કરવામાં આવશે.

આ કેમ્પમાં આજના ગ્લોબલ વોર્મિંગ અને પ્રદુષિત વાતાવરણમાં આપણા શરીરના અવયવો કઈ સ્થિતિમાં તેની જર્મન ટેકનોલોજીના ઈ.વી.એ. ડાયગ્નોશીસ ઉપકરણ દ્વારા શરીરના ૪૭ અવયવોની હાલની તથા આવનાર બિમારીની સંપૂર્ણ માહિતી આપવામાં આવશે. ઉપરાંત નિદાન બાદ જરૂરી આયુર્વેદિક દવાઓ પણ આપવામાં આવશે તો તાલુકાના આસપાસના ગામના ગ્રામજનોને કેમ્પનો લાભ કન્વીનર માધુભાઈ પટેલે જણાવ્યું છે.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે સચિવાલયમાં સ્વાગત-ઓનલાઈન જનફરિયાદ નિવારણ કક્ષમાં સામાન્ય નાગરિકોની રજૂઆતોના વાજબી નિરાકરણ કરીને ન્યાયની અનુભૂતિ કરાવી હતી. નવરચિત રાજ્ય મંત્રીમંડળની પ્રથમ બેઠક સંપન્ન થયા પછી બપોર બાદ મુખ્યમંત્રીશ્રીએ સ્વાગત-ઓનલાઈન ટેકનોલોજીથી નાગરિકોની રજૂઆતો માટે ખાસ સમય ફાળવ્યો હતો. આ પ્રસંગે રાજ્ય મંત્રીમંડળમાં પ્રથમવાર મંત્રીસ્થાને આવેલા મંત્રીશ્રીઓ પણ ખાસ ઉપસ્થિત રહયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ સ્વાગત ઓનલાઈન સાથે સંલગ્ન તમામ સચિવશ્રીઓ અને જિલ્લા તંત્રોના વરિષ્ઠ અધિકારીઓને નાગરિક સેવા-સુવિધાના કામો ત્વરિત ઝૂંબેશ રૂપે હાથ ધરવાની તાકીદ કરી હતી. તેમણે જણાવ્યું કે ચૂંટણીની આચારસંહિતાના અમલના કારણોસર કામો અટકવાથી, સામાન્ય નાગરિકોને પરેશાનીનો ભોગ બનવું પડયું છે, આથી સવિશેષ કાળજી લઈને જિલ્લા તંત્રોને પ્રો-એકટીવ બનાવી પૂરી તાકાતથી નાગરિક સુવિધાના કામોને અભિયાન સ્વરૂપે ઉપાડવા જોઈએ. મુખ્યમંત્રીશ્રીએ આપણો તાલુકો-વાઈબ્રન્ટ તાલુકો-ખ્વ્સ્વ્ના નવતર તાલુકા વહીવટના વિકેન્દ્રીત અભિગમને સાકાર કરવાનું માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે ગ્રામકક્ષાએ સ્વાગત ઓનલાઈન કાર્યક્રમને વધુ અસરકારક બનાવવો જોઈએ અને તાલુકા સ્વાગત ઓનલાઈન કાર્યક્રમમાં નાગરિકો પોતાની રજૂઆતો માટે ન્યાયની અનુભૂતિ કરે તેવું વિશ્વસનિય વાતાવરણ ઉભૂં કરવું જોઈએ. રાજ્ય સરકારની વ્યકિતગત લાભાર્થી યોજનાઓ લક્ષિત લાભાર્થી સુધી પહોંચે તે માટે પણ તેમણે સૂચનાઓ આપી હતી. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી એ. કે. શર્મા તથા વરિષ્ઠ અધિકારીઓ સર્વશ્રી જે. પી. મોઢા, શ્રી ચન્દ્રેશ કોટક અને તેમના સહયોગીઓ ઉપસ્થિત હતા.

ધનસુરા ચાર રસ્તા પર થતા ભારે ટ્રાફિકને લઈ પ્રજાજનોમાં ભાર રોષ

ધનસુરા, તા. ૨૯

ધનસુરા તાલુકાના મુખ્ય માર્ગો પર છેલ્લા ઘણાં સમયથી ટ્રાફીકની સમસ્યા નગરજનો માટે ભારે માથાના દુખાવા સમાન બની ગઈ છે. જેથી ટ્રાફીક તંત્ર દ્વારા સત્વરે માર્ગો પર થતા ભારે ટ્રાફીકનો નિકાલ લાવવામાં આવે તેવી ઉગ્ર માંગ નગરજનો કરી રહ્યા છે.

ધનસુરા ચાર રસ્તા રાષ્ટ્રીય ધોરી માર્ગ બની ગયો હોઈ તેમ આ સર્કલ આગળ રોજના અસંખ્ય વાહનોની અવર-જવર રહે છે. રાજ્ય બહારની ટ્રકો અને વાહનો લૂણાવાડા રોડ ઉપર ટોલનાકાથી વધુ હોવાથી ટોલ ફી વધુ ન આપવી પડે એટલે મુંબઈ, રાજસ્થાન, દિલ્લી તરફ જતી ટ્રકો ધનસુરા થઈને જાય છે. ચાર રસ્તા આગળ કોઈ વાહનોની સ્પીડ કંટ્રોલ માટે બમ્પ કે ડીવાઈડર ન હોવાથી બેફામ દોડે છે. આ સર્કલ આગળ મોટા અકસ્માત સર્જાવાનો ભય છે. જાણવા મળ્યા પ્રમાણે આ રોડ રાજ્ય ધોરી માર્ગ બનેલ છે. ચાર માર્ગીય રોડ બને તે પહેલા ટેમ્પરરી રોડને મોડાસા, બાયડ, વડાગામ રોડ સાઈડ બમ્પ બનાવવાની ખાસ જરૂર છે.

આ ચાર રસ્તા આગળ વડાગામ રોડ સાઈડ આવેલ પાંચથી વધુ શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થીઓ સવારે અને સાંજે શાળા છૂટ્યા બાદ એક હજારથી વધુ બાળકોની અવર-જવર રહે છે. રોડની બન્ને સાઈડે ખાનગી વાહનો આડેધડ ઉભા ના રહે તેની ખાસ કાળજી લેવાની જરૂર છે.

માથાસુરીયા ગામે અજાણી કારની ટક્કરે રાહદારીનું કરૂણ મોત

હિંમતનગર, તા. ૨૯

હિંમતનગરના માથાસુરીયા ગામના બસ સ્ટેન્ડ પાસે આજે સવારે એક કાળારંગની અજાણી કારે રાહદારીને ટક્કર મારી નાસી છુટ્યા હતા. જેમાં રાહદારીનું સારવાર દરમિયાન મોત નિપજતા ગાંભોઈ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર હિંમતનગરના માથા સુરીયા ગામના બસ સ્ટેન્ડ પાસે ગત રોજ સાંજના સમયે એક અજાણી કાર નં. એમ.એચ.-૨ બીડી-૯૦૮ના ચાલકે પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી રાહદારી બાદરસિંહ જવાનસિંહ પરમાર (ઉ.૬૦, રહે. માથાસુરીયા)ને જોરદાર ટક્કર મારતા તેઓને હાથ પગ અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. તાત્કાલિક ઈજાગ્રસ્તને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું કરૂણ મોત નિપજ્યું હતું. આ અંગે મૃતકના પરિવારજન સોમસિંહ જવાનસિંહ પરમારે ગાંભોઈ પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઊંઝા હાઈવે પર અજાણ્યા વાહન સાથે રીક્ષા અથડાતાં ચાલકનું મોત

ઊંઝા, તા. ૨૯

ઊંઝા ખાતે હાઈવે પર રાત્રિના સમયે ઊંઝાથી ઉનાવા જતી એક ઓટોરીક્ષા રોડ પર ઉભી રહેલ અજાણ્યા વાહનની પાછળ જોરદાર અથડાતાં ઓટોરીક્ષા ચાલકનું કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે એક મહિલાને ગંભીર ઈજાઓ થઈ હતી.

ઊંઝા નજીકના ઉનાવા ગામના ભરતભાઈ છગનભાઈ રાવળ રાત્રિના સાડા આઠ વાગ્યાના સુમારે ઊંઝાથી ઓટો રીક્ષા નં. જીજે-૨-ટીટી-૭૫૦૧માં પોતાની માતાને બેસાડીને ઉનાવા જઈ રહ્યા હતા ત્યારે ઊંઝા હાઈવે પર વિસનગર રોડ ચોકડી પાસે આગળ થોભેલ કોઈ અજાણ્યા વાહનની પાછળ રીક્ષા ઘુસી જતાં રીક્ષાચાલક ભરતભાઈ રાવળ તેમજ તેમની માતાને ગંભીર ઈજાઓ થઈ હતી.

ઈજાગ્રસ્તોને ગંભીર હાલતમાં સારવાર અર્થે મહેસાણા હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ચાલકનું કરૂણ મોત નીપજ્યું હતું. એક જ પરિવારના માતા પુત્રને નડેલ અકસ્માતમાં પુત્રનું મોત નિપજતાં રાવળ પરિવારમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ હતી.

પંકજ ત્રિવેદી હત્યા કેસ : વધુ તપાસ માટેની અરજી કરાઈ

પોલીસ દ્વારા અરજીના સંબંધમાં ૨૩ મુદ્દા સહિત તપાસની માહિતી કોર્ટમાં રજૂ કરાઇ : તપાસમાં હજુ ઘણી ખામીઓ

અમદાવાદ, તા. ૨૯

સમગ્ર રાજ્યમાં ચકચાર જગાવનાર સ્વાધ્યાય પરિવારના પંકજ ત્રિવેદી હત્યાકાંડ કેસમાં નવો વળાંક આપ્યો છે. આ કેસના ફરિયાદી વિનુ સચાણીયાએ વધુ તપાસની કોર્ટમાં અરજી કરી હતી. જેમાં પોલીસે આજ રોજ આ અરજી સંદર્ભમાં ૨૩ મુદ્દા સહિતની તપાસ કરેલ માહિતીની અરજી કોર્ટમાં રજુ કરી હતી.

કેસના ફરિયાદી વિનુ સચાણીયાએ કોર્ટમાં અરજી મારફત એવી રજુઆત કરી હતી કે આ કેસની તપાસમાં પોલીસ દ્વારા ઘણી ખામીઓ રહી ગઈ છે. અને મુખ્ય આરોપી જયશ્રી તલવકર અને દીદીને પોલીસ પકડી શકી નથી. તેથી આ કેસની પોલીસ દ્વારા ફરીથી તપાસ કરવામાં આવે અને મહત્વના આરોપીઓની ધરપકડ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. બીજી તરફ એન ડિવિઝનના મદદનીશ પોલીસ કમિશનર વીડી ગોહિલે ફરિયાદીની વધુ તપાસની અરજી સામે કેસની તપાસ કરેલ રિપોર્ટ કોર્ટમાં રજુ કરી હતી. જેમાં કુલ ૨૩ મુદ્દા સહિતની માહિતીની વિગતો રજુ કરવામાં આવી હતી. પોલીસે સ્વાધ્યાય પરિવારના મોટા ભાઈ ભરતભાઈ ભટ્ટ તથા ચંદ્રસિંહ જાડેજા સહિત કુલ ૧૦ આરોપીઓ વિરુદ્ધ પુરતા પુરાવા હોવાથી ચાર્જશીટ કરેલ છે.

પોલીસે વધુમાં જણાવ્યું હતુ કે આ કેસમાં ગુનાની ગંભીરતા જોઈ ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ટીમ રચી આરોપી વિરુદ્ધ કોઈ પણ પ્રકારની શેહ શરમ કે દબાણમાં આવ્યા વગર ચાર્જશીટ ફાઈલ કરી છે. તપાસમાં કોલ ડિટેલ્સ તથા લોકેશન મેળવી આરોપીઓ વચ્ચે થયેલા વાતચીતના સાંયોગિક પુરાવાની પણ તપાસ કરવામાં આવી છે. તપાસ દરમ્યાન જયશ્રી તલવકર અને દીદી વિરુદ્ધમાં કોઈ પુરાવો મળ્યો નથી.

પંકજ ત્રિવેદી જ્યારે પણ વિદેશથી અમદાવાદ આવતા ત્યારે તેમના દ્વારા કરવામાં આવેલ પોલીસ પ્રોટેક્સનની માંગ પણ પોલીસે ગ્રાહ્ય રાખી હતી. ફરિયાદી દ્વારા આરોપીઓના નાર્કો એનાલીસ્ટ ટેસ્ટ અને લાઈ ડિટેક્ટર ટેસ્ટ કરવા અરજી કરવામાં આવી હતી પણ તે અરજી નામદાર કોર્ટે ફગાવી દીધી હતી. તેતી પોલીસ દ્વારા આ કેસની વધુ તપાસ કરવાની જરૂર જણાતી નથી. તેમજ કેસનો તમામ મુદ્દામાલ નામદાર કોર્ટમાં જમા છે. તેથી ફરિયાદીની વધુ તપાસની અરજી તથ્યવિહિન છે. હવે આગામી સમયમાં બંને પક્ષો તરફથી કોર્ટમાં કેસ સંદર્ભ ધારદાર દલીલો થશે અને જોવાનું એ છે કે કોર્ટ ફર્ધર ઈન્વેસ્ટીગેશનની અરજીમાં શું ફેંસલો આપશે.

‘હિન્દુસ્તાનની બહાદૂર દિકરીના મૃત્યુથી આઘાત’ : નરેન્દ્ર મોદી

પ્રદેશ મહિલા કોંગ્રેસે પણ બનાવને વખોડ્યુ

ગાંધીનગર, તા. ૨૯

અમદાવાદ, તા. ૨૯

ગુજરાતના મખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીની ગેંગરેપથી પીડિત કન્યાના કમનસીબ મૃત્ય અંગે ઉંડા આઘાતની લાગણી વ્યક્ત કરતા ટ્વીટર ઉપર જણાવ્યું છે કે હિન્દુસ્તાનની આ બહાદુર દિકરીના મૃત્યુથી હું દુ:ખી છું. પીડિત કન્યાના શોકસંતપ્ત પરિવારના દુ:ખમાં સહભાગી છું. તેમને મારી સાંત્વના પાઠવું છું. દોષિતોને દાખલો બેસે તેવી સજા થશે જ એવો વિશ્વાસ છે. દરમિયાન ગેંગ રેપના બનવમાં પીડિત યુવતીનું સિંગાપોર ખાતે મોત થયા બાદ ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસે આ બનાવને વખોડી કાઢીને આની ઝાટકણી કાઢી છે. તેના પરિવાર સાથે પ્રાર્થનામાં પણ કાર્યકરો જોડાયા છે.

કોંગ્રેસે કહ્યુ છે કે આ બલિદાન એળે જશે નહી. તમામ લોકોની આ જવાબદારી બની ગઈ છે. દરેક કિસ્સામાં ભોગ બનનાર પીડિત મહિલાઓને સત્વરે ન્યાય મળે તે જરૂરી છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ દ્વારા એક આવેદન પત્ર આપવામાં આવ્યુ છે.

તંત્રી સ્થાનેથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સમાજે પણ આ ઘટનામાંથી ઘણું બધું શીખવાનું છે. માત્ર સરકાર કે કાયદા બધું અટકાવી નહી શકે, હા માત્રાઓમાં જરૂર ફેર પડશે અને પાડવો જોઈએ. પરંતુ જનજાગૃતિ દ્વારા મહિલાઓના સ્વરક્ષણની ભૂમિકા પણ ઊભી કરવી પડશે. ચલચિત્રો અને સમુહ માધ્યમોની નકલો કરવામાં સાવધાની રાખવી જોઈએ. સૌંદર્ય સ્પર્ધાઓના નામે નારીશક્તિના દર્શાવાતા બેહુદા વલણોને પણ નાથવા જોઈએ. સમગ્ર દેશનો જનસમાજ આ ઘટનાથી બોધપાઠ લઈ શિક્ષણના માધ્યમથી સંસ્કાર ઘડતરને અગ્રતા આપવાનો સમય આવી પહોંચ્યો છે. મહિલા સંગઠનોએ પણ મહિલા જાગૃતિ માટે અને સ્વરક્ષણ માટે ગંભીર બનવાનો મોકો નિર્માણ થયો છે. સમુહ માધ્યમો પણ છેલ્લા દસ દિવસથી જે ભૂમિકા અદા કરે છે. એવી સકારાત્મક ભૂમિકા નિર્માણ કરે તો આ પ્રકારની ઘટનાઓને નાથવામાં પૂરક બની શકે છે. નારી સન્માન આપણી સંસ્કારિતાનો વારસો છે. સમાજમાં નારીશક્તિનું ગૌરવપૂર્વક પ્રસ્થાપન થવું જોઈએ. સમાજ અને સરકાર સાથે મળી ગેંગરેપની પીડીતાના મૃત્યુમાંથી ઊભા થયેલા સવાલોના જવાબો સત્વરે દેશને આપે તો સમયની માંગ છે. સમગ્ર દેશ જ્યારે જાગ્યો છે ત્યારે વ્યક્તિથી લઈ સમગ્ર રાષ્ટ્ર સ્તરે આક્રોશ જાગૃતિમાં પરિણમે એ જ પીડીતાને સાચી શ્રદ્ધાંજલિ છે.

શબ્દાવલી - ૪૯૩૬

૧		૨	૩	■	૪	■	૫
	■	૬		■	૭	૮	
	■		■	૯			
■	૧૦		૧૧		■		■
૧૨		■		■	૧૩	■	૧૪
	■	૧૫		■		■	
■	૧૬			■	૧૭		
૧૮		■	■	૧૯		■	

આડી ચાવી

૧. દિલનું ઉદાર (૪)
૬. દેવી-દેવતાને કરાતી પ્રાર્થના (૨)
૭. ફુલ-પુષ્પ (૩)
૯. લમણાકુટ, માથાઝીંક (૪)
૧૦. ખુબ વધારે (૪)
૧૨. અતિશય કામમાં હોય તેવું (૨)
૧૫. ઉઠાવવું (ઊંઘમાંથી) (૪)
૧૬. તુચ્છ, હલકું (૩)
૧૭. પ્રશ્ન (૩)
૧૮. વારા પછી... ને વરસાદ પછી ગારો... (૨)
૧૯. ખાવાની ક્રિયા (૨)

ઊભી ચાવી

૧. મગજ, મહત્ત્વનું અંગ (૩)
૨. વાસ્તવિકતા, ખરી હકીકત (૪)
૩. કામદેવની પત્ની (૨)
૪. હિન્દુઓનું પૂજ્ય વૃક્ષ (૩)
૫. ગુજરાતી પાંચમો મહિનો (૩)
૮. એક કઠોળ (૩)
૯. દૂધ, દુગ્ધ (૨)
૧૦. જેનો ઉદય થાય તેનો... નક્કી જ છે (૨)
૧૧. શૃંગાર (૪)
૧૨. બેચેન, ચિંતીત (૨)
૧૩. સાવ નવું (૪)
૧૪. રસોઈયો, ખાનસામો (૪)
૧૫. યમરાજના દૂત (૨)
૧૬. મોટો મણકો, મોતી (૨)

શબ્દાવલી ૪૯૩૫ના જવાબ

આડી ચાવી :- (૧) દિક્પાલ (૩) સંતાન (૫) એકતા (૬) તક (૮) વિકટ (૧૦) તલહરા (૧૧) ખોજ (૧૨) ધોલ (૧૩) ગરબડ (૧૭) ઘાયલ (૧૯) નાવ (૨૦) ટશર (૨૧) ચટપટી

ઊભી ચાવી :- (૧) દિક્કત (૨) પાડ (૩) સંકટ (૪) તાતા (૫) એકરાર (૭) કતલ (૮) વિહગ (૯) વ્યાજ (૧૧) ખોડ, (૧૨) ધોબીઘાટ (૧૪) બનાવટ (૧૫) હલર (૧૬) સપાટી (૧૮) યશ (૧૯) નાચ

કોને કયું ખાતું.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

સૌરભ પટેલ	ઉર્જા અને પેટ્ર કેમિકલ્સ, ખાણ ખનીજ, કુટિર ઉદ્યોગ મિઠા ઉદ્યોગ, છાપ કામ, લેખન સામગ્રી, આયોજન, પ્રવાસ, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર
ગણપત વસાવા	વન અને પર્યાવરણ, આદિવાસી વિકાસ, મહિલા અને બાળ કલ્યાણ, વૈધાનિક અને સંસદિય બાબત
બાબુભાઈ બોખેરીયા	જળ સંપત્તિ (કલ્પસર સિવાય), પાણી પૂરવઠો, કૃષિ, સહકાર, પશુપાલન, ગૌ સંવર્ધન

કેબિનેટ કક્ષાના પ્રધાનો

પુરુષોત્તમ સોલંકી	શ્રમ અને રોજગાર,
પરબતભાઈ પટેલ	આરોગ્ય અને પરિવાર કલ્યાણ, વાહન વ્યવહાર
વસુબેન ત્રિવેદી	સિક્ષણ, મહિલા અને બાળ કલ્યાણ
પ્રદિપસિંહ જાડેજા	કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો, ટુરિઝમ, દેવસ્થાન, યાત્રાધામ, વિકાસ, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતી પ્રભાગ, પ્રોટોકોલ
લીલાધર વાઘેરા	પશુપાલન, મત્સ્ય ઉદ્યોગ, ગૌ સંવર્ધન, સામાજિક, શૈક્ષણિક પછાતવર્ગોનું કલ્યાણ
રજનીકાંત પટેલ	ગૃહ, પોલીસ આવાસ, સરહદી સુરક્ષા, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષકદળ, ગ્રામરક્ષકદળ, જેલ, નશાબંધી અને આબકારી
ગોવિંદભાઈ પટેલ	કૃષિ, અન્ન અને નાગરિક પૂરવઠા, ગ્રાહક બાબતો, વન અને પર્યાવરણ
નાનુભાઈ વાનાણી	પાણી પૂરવઠો, જળસંપત્તિ (કલ્પસર સિવાય)
જ્યંતિભાઈ કવાડિયા	પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ, ગ્રામ વિકાસ

વિભાગોની ફાળવણી.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

બોખેરિયાને જળસંપત્તિ (કલ્પસર સિવાય), પાણી પૂરવઠો, કૃષિ સહકારની જવાબદારી સોંપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે તાજેતરમાં શાનદાર જીત મેળવી હતી. ભાજપે જોરદાર સપાટો બોલાવીને ૧૧૫ બેઠકો જીતી લીધી હતી. નરેન્દ્ર મોદીએ ૨૬મી ડિસેમ્બરના દિવસે મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા હતા. નવરંગપુરા સરદાર પટેલ સ્ટેડિયમમાં શપથવિધિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. ભાજપના તમામ ટોચના નેતાઓ, ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ, રાજકીય હસ્તીઓ, બોલિવુડની હસ્તીઓ ઉપસ્થિત રહી હતી. શપથવિધિ કાર્યક્રમને ઐતિહાસિક અને સફળ બનાવવા તમામ પગલા લેવાયા હતા. શપથવિધિ વેળા જ કેબિનેટ કક્ષાના સાત પ્રધાનો શપથ લીધા હતા. આ ઉપરાંત રાજ્ય કક્ષાના નવ સભ્યોએ શપથ લીધા હતા. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી રાજ્યના વિકાસની રફતાર વધારવા તેમજ આગામી વાયબ્રન્ટ ગુજરાત જેવા મહાકાય કાર્યક્રમો ઉપરાંત રાષ્ટ્રીય રાજકારણમાં તેમની ભાવિ રણનીતિને ધ્યાનમાં રાખીને રાજ્યકક્ષાના કેટલાક પ્રધાનોને મહત્વની જવાબદારી સોંપી હતી.

માધવસિંહ સોલંકીનું એપોલો હોસ્પિટલમાં ઓપરેશન કરાયું

એપોલો હોસ્પિટલ્સના ડો. પરાગ શેઠે માધવસિંહ સોલંકીનું ગંભીર પ્રકારનું કાર્ડિયાક બાયપાસ ઓપરેશન સફળતાપૂર્વક કર્યું

અમદાવાદ, તા. ૨૯

એપોલો હોસ્પિટલ્સે ગુજરાતમાં ચાર વખત રાજયના મુખ્ય પ્રધાન રહી ચૂકેલા અને ભૂતપૂર્વ વિદેશ પ્રધાન શ્રી માધવસિંહ સોલંકી (૮૫ વર્ષ)નું આ સપ્તાહની શરૂઆતમાં રવિવારે ઓપરેશન કર્યું છે. એપોલોના સિનિયર કન્સલ્ટન્ટ અને હાર્ટ સર્જન ડૉ. પરાગ શેઠે આ લાઈફસેવીંગ કાર્ડિયાક બાયપાસ પ્રોસિજર કરી હતી જે લગભગ છ કલાક ચાલી હતી. માધવસિંહ સોલંકીને ઓપરેશન થિયેટરની બહાર લવાયા તેના સાડા ત્રણ કલાકમાં તે પુનઃસ્વસ્થ થઈ ગયા હતા અને એ દિવસથી જ તેમને મોઢેથી ખોરાક આપવાની શરૂઆત કરી દેવાઈ હતી. શ્રી સોલંકીને પ્રારંભિક તપાસમાં હૃદયમાં મલ્ટીપલ બ્લોકેજ જણાયા હતા અને તાત્કાલિક સારવારની જરૂર જણાતાં તેમને ૨૨મી ડિસેમ્બર ૨૦૧૨ના રોજ એપોલો હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. શ્રી માધવસિંહ સોલંકીના પુત્ર અને કેન્દ્ર સરકારમાં પ્રધાન શ્રી ભરતસિંહ સોલંકીએ તેમના પિતાના કિસ્સામાં એપોલો હોસ્પિટલ્સમાં સારવાર લેવાનું પસંદ કર્યું હતું.

૧૭ વર્ષની તબીબી કારકિર્દીમાં ૧૩,૦૦૦થી વધુ બાયપાસ અને ઓપન હાર્ટ સર્જરીનો અનુભવ પ્રાપ્ત કરી ચૂકેલા ડૉ. પરાગ શેઠે જણાવ્યું હતું કે, ‘શ્રી માધવસિંહ સોલંકીને છેલ્લા પાંચ દિવસ કરતાં ઓછા સમયમાં બે ગંભીર એટેક આવી ચૂકેલા હતા અને તેમની ગંભીર હાલત જોઈને તાકીદે સારવાર હાથ ધરવી જરુરી હતી. શ્રી માધવસિંહ સોલંકી જે રીતે સારવારના પ્રતિભાવ આપી રહ્યા છે તેનો મને આનંદ છે. તેમને ક્રિટીકલ બાયપાસ પ્રોસિજર કરાઈ તેના સાડા ત્રણ કલાકમાં એટલે કે ૨૩મી ડિસેમ્બરની સાંજથી તેમણે સામાન્ય પ્રવૃત્તિઓ ચાલુ કરી દીધી હતી, જે એક ખરેખર હકારાત્મક નિશાની છે. હાલમાં તેમની તબિયત સ્થિર છે અને તે નવા ઉત્સાહથી ઘણી બધી રોજીંદી પ્રવૃત્તિઓ કરી રહ્યા છે.’

ટચૂકડી જાહેર ખબર

જોઈએ છે

Diploma Civil Engineer
૪ થી ૬ વર્ષનો અનુભવ, રોડવર્કના જાણકાર
Computer Operator - M.S. Officeના જાણકાર યુવાન માટે.
મો. ૯૯૨૪૬ ૪૩૯૮૦
E-Mail : laxmi_builders@yahoo.com

જોઈએ છે

● સેલ્સમેન કમ ડ્રાઈવર - ૫
● એકાઉન્ટન્ટ - ૧
● સ્ટોર કીપર - ૧
● સેલ્સ રીપ્રેસેન્ટેટીવ - ૨
આકર્ષક પગાર
કોન્ટેક્ટ - ૯૮૨૫૫ ૯૨૪૨૪

IITE
INDIAN INSTITUTE OF TEACHER EDUCATION
Govt. College Campus, Sector-15, Gandhinagar

ટુંકી મુદતની ઈમારતના કલર કામ અંગેની નિવિદા

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશનના સેક્ટર-૧૫ ખાતેની હાઈસ્કૂલની ઈમારતના આગળના ભાગે કલરકામ માટે ઈજારદારો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. વિગતવાર ટેન્ડર કચેરી ખાતેથી તા. ૨-૧-૧૩ સુધીમાં મેળવી લેવાના રહેશે. અંદાજીત ક્ષેત્રફળ ૧૪૦૦૦ ચો.ફૂટ તથા બારીઓ ૨૬૦૦ ચો.ફૂટ છે.

કુલ સચિવ
આઈઆઈટીઈ

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ
બ્લોક નં. ૧૭, ૪થો મીળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

ટેન્ડર નોટીસ

નિગમનું સાહિત્ય કુરીયર મારફતે મોકલવા માટે રસ ધરાવતી એજન્સીઓ પાસેથી ટેન્ડર દરખાસ્ત તા. ૧૫-૧-૨૦૧૩ બપોરના ૨-૦૦ કલાક સુધીની સમય મર્યાદામાં મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ તેમજ વધુ માહિતી નિગમના ઉપર જણાવેલ સરનામે કચેરી સમય દરમિયાન ઉપલબ્ધ થઈ શકશે.

મેનેજર (માર્કેટીંગ)